**MOST IMPORTANT**
**BY-EMAIL**

ક્રમાંક/માધ્ય/પરચ/૨૦૧૯/ 32695-728
કમિશનરશ્રી, શાળાઓની કચેરી,
૯/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર,
તા. ૨૦/૧૧/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

**વિષય:** National Disaster management Guidelines on school safety policy in 2016

**સંદર્ભ:** શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક:પરચ-૧૧૨૦૧૭-GOI-૭૫-વ.૨, તા.૧૮/૧૧/૧૯

ઉપરોક્ત વિષય પરત્વે આ સાથે શિક્ષણ વિભાગના તા.૧૮/૧૧/૧૯ ના સંદર્ભ દર્શીત પત્રની નકલ મોકલી આપતાં જણાવવાનું કે, ગુજરાત રાજ્યની શાળાઓમાં શાળા સલામતિ સુનિશ્ચિત કરવા Comprehensive school safety programme (CSSP) ની શરૂઆત વર્ષ ૨૦૧૭ થી કરવામાં આવી છે.

શાળાઓમાં સલામતી માટે તથા આપત્તિઓની સામે રક્ષણ મેળવવા, આપત્તિના નુકસાનની અસરને ઘટાડવા યુનિસેફ ગુજરાત,ઓલ ઇન્ડિયા ડિઝાસ્ટર મિટીગેશન ઇન્સ્ટીટ્યુટ (એ.આઇ.ડી.એમ.આઇ.) અને શિક્ષણ વિભાગના તજજ્ઞો દ્વારા આપત્તિને સમજવા, શાળાની નબળાઇને ઓળખવા, ક્ષમતા નિર્માણ કરવા, શાળાનું મૂલ્યાંકન માર્ગદર્શિકા સાહિત્ય વિકસાવવામાં આવેલ છે. તેનો સંપૂર્ણ અભ્યાસ આપની કક્ષાએથી કરી તાલુકા કક્ષાએ અને શાળાઓને સુધી સાહિત્ય પૂરૂ પાડવાનું રહેશે. **સાહિત્યનો ટૂંકો પરિચય અને કરવાની થતી કાર્યવાહીની વિગતનું પત્રક ૧ આ સાથે સામેલ છે.**

શાળા સલામતિ માટે આ સાથે સામેલ સાહિત્ય દ્વારા માર્ગદર્શન મેળવી SMC/PTA ની બેઠકમાં નિયમિત ચર્ચામાં લેવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

શાળાઓમાં સલામતિ સુનિશ્ચિત કરવા આપની કચેરી દ્વારા આ સાથે સામેલ તમામ પુસ્તિકાઓ અને અન્ય બીડાણોનો અભ્યાસ કરી તેની અમલવારી કરવા માટેની સુચનાઓ અંગે આપના તાબા હેઠળની શાળાઓના આચાર્યશ્રીઓને પરિપત્ર કરવા તેમજ નિયમાનુસારની કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

**વધુમાં, National Disaster management Guidelines on school safety policy in 2016 અંતર્ગત સ્કૂલ સેફ્ટી ત્રિમાસિક અહેવાલ હવે પછીથી આ સાથે સામેલ બીડાણમાં સામેલ બે (૨) નમૂનરૂપી પત્રકમાં મોકલવાના રહેશે જે ખાસ ધ્યાને લેવા વિનંતી.**

પરિપત્ર નં.:- 332

ક્રમાંક:-યોજના/સ્કૂલ સેફ્ટી/કાર્યક્રમ/૧૯-૨૦
તા.૨૬/૧૧/૨૦૧૯

ઉપરોક્ત પરિપત્ર જાણ તથા અમલ સારૂ:

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી/ગ્રાન્ટેડ/નોનગ્રાન્ટેડ
માધ્ય. અને ઉ.મા. શાળાઓ તમામ
જિ.અમરેલી.

Scanned by CamScanner

ક્રમાક-પરચ-૧૧...

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાધીનગર
તા-૧૮/૧૧/૨૦૧૯

નંબર :- 1265
તારીખ :- 19/11/'19
પી.એ.કાર્યાલય

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૨) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,સર્વ શિક્ષા અભિયાન,સેક્ટર નં ૧૭, ગાંધીનગર
(૩) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
(૪) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર નં ૧૨ ગાંધીનગર
(૫) સચિવશ્રી,માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક બોર્ડસેક્ટર નં ૧૦બી ગાંધીનગર

વિષય- National Disaster management Guidelines on School Safety Policy in 2016

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેના યુનિસેફ ગુજરાત રાજ્ય કાર્યાલયના તા.૨૨/૧૦/૨૦૧૯ના પત્રની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપતા જણાવવાનું કે, ગુજરાત રાજ્યની શાળાઓમાં શાળા સલામતિ સૂનિશ્ચિત કરવા Comprehensive School Safty Progamme(CSSP) ની શરૂઆત વર્ષ ૨૦૧૭ થી કરવામાં આવેલ છે.

1522
19/11/19

શાળાઓમાં સલામતી માટે તથા આપત્તિઓને સામે રક્ષણ મેળવવા, આપત્તિના નુકસાનની અસરને ઘટાડવા યુનિસેફ ગુજરાત, ઓલ ઇન્ડીયા ડિઝાસ્ટર મિટીગેશન ઇન્સ્ટીટ્યુટ(એ.આઇ.ડી.એમ.આઇ) અને શિક્ષણ વિભાગના તજજ્ઞો દ્વારા આપત્તિને સમજવા, શાળાની નબળાઇને ઓળખવા, ક્ષમતા નિર્માણ કરવા, શાળાનું મૂલ્યાંકન માર્ગદર્શિક સાહિત્ય વિકસાવવામાં આવેલ છે. તેનો સંપૂર્ણ અભ્યાસ આપની કક્ષાએથી કરી જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ અને શાળાઓ સુધી સાહિત્ય પુરુ પાડવા વિનંતી છે. સાહિત્યનો ટૂંકો પરિચય અને કરવાની થતી કાર્યવાહીની વિગતનું પત્રક ૧ સામેલ છે.

શાળા સલામતિ માટે આ સાથે સામેલ સાહિત્ય દ્વારા માર્ગદર્શન મેળવી SMC/PTA ની બેઠકમાં નિયમિત ચર્ચામાં લેવા અંગેની સૂચના આપવા વિનંતી છે.

શાળાઓમાં સલામતિ સુનિશ્ચિત કરવા આપની કચેરી દ્વારા આ સાથે સામેલ તમામ પુસ્તિકાઓ અને અન્ય બિડાણોનો અભ્યાસ કરી તેની અમલવારી કરવા માટેની સુચનાઓ પરીપત્રિત કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(બી.વી.રાઠવા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

બિડાણ- ઉપર મુજબ

વિગતવાર પરિપત્ર કરી તમામ DEO ને અમલ કરવા સૂચના આપીએ

18/11/19

letter

468

પત્રક 1

| ...કનું નામ | પરિચય | કાર્યવાહી |
|---|---|---|
| ...પ શાળા ...મતિ માટે ...મૂલ્યાંકન ટૂલ | આ ટૂલ શાળામાં સલામતિનું સ્વમૂલંકન કરવા માટે. શાળાની નબળાઇને ઓળખવા, ક્ષમતા નિર્માણ કરવા. | • ત્રિમાસિક ધોરણે સ્કુલ એડવાઇઝરી કમિટી અને ડીસ્ટ્રીક્ટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરેટીના માર્ગદર્શન હેઠળ શિક્ષણ નિરીક્ષક અને શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા સ્વમૂલ્યાંકન હાથ ધરવું.<br>• દરેક શાળાનો સ્વમૂલ્યાંકન અહેવાલ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને સુપરત કરવો. DPEO અને DPO જિલ્લાની માહિતી સંકલિત કરી નિયમકશ્રી પ્રાથમિક શિક્ષણ અને કમિ.શ્રી શાળાોઅની કચેરીએ તમામ જિલ્લાઓનો સ્વમૂલ્યાંકન અહેવાલ સંકલિત કરી શિક્ષણ વિભાગને મોકલી આપવાનો રહેશે. |
| ...ા આપત્તિ ...વસ્થાપન યોજના | શાળામાં આપત્તિ વ્યવસ્થાપન માટે જરૂરી સમગ્ર માહિતી વિગતવાર એકત્ર કરવી, કટોકટીના પ્રતિકાર પદ્ધતિ સ્થાપવી.શાળા સમુહને સુસજ્જ કરવો. જાગૃતિ કેળવવી અને ક્ષમતામાં વધારો કરવો. | • વાર્ષિક ધોરણે સ્કુલ એડવાઇઝરી કમિટી અને ડીસ્ટ્રીક્ટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરેટીના માર્ગદર્શન હેઠળ શિક્ષણ નિરીક્ષક અને શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના તૈયાર કરવી. આ યોજના તૈયાર કરતા પહેલા સ્વ મૂલ્યાંકન ટૂલ દ્વારા સ્વમૂલ્યાંકન કરી શાળા સુરક્ષાને લગતા જરૂરી પગલા આ યોજનામાં દર્શાવવા.<br>• દરેક શાળાનો સ્વમૂલ્યાંકન અહેવાલ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને સુપરત કરવો. DPEO અને DPO જિલ્લાની માહિતી સંકલિત કરી નિયમકશ્રી પ્રાથમિક શિક્ષણ અને કમિ.શ્રી શાળાોઅની કચેરીએ તમામ જિલ્લાઓનો સ્વમૂલ્યાંકન અહેવાલ સંકલિત કરી શિક્ષણ વિભાગને મોકલી આપવાનો રહેશે. |
| ...ળામાં બિન ...ળખાગત જોખમ ...ારણ માટેની ...ર્ગદર્શિકા | શાળાના પ્રાંગણમાં રહેલા બિન માળખાગત ઘટકો સાથે સંકળાયેલ જોખમને ઓળખવા અને તેનું નિરાકરણ કરવા માટે માર્ગદર્શન પ્રદાન કરવાનું છે. | • આ માર્ગદર્શક પુસ્તિકા આચાર્ય, વિદ્યાર્થી, શિક્ષક અને કર્મચારીઓ વગેરેના માર્ગદર્શન અને ઉપયોગ માટે છે. શાળાના શિક્ષકો તમામ વિદ્યાર્થીઓને આપત્તિ વિશેની સમજ પુરી પાડે તે જોવાની જવાબદારી શાળાના આચાર્યની રહેશે. |
| ...વો બનાવીએ ...ામત શાળા | શાળાની સલામતિ સુનિશ્ચિત કરવા અને આપત્તિને પહોંચી વળવા 'શુ કરવું અને શું ન કરવું' તેની જાણકારી આપેલ છે. | • આ માર્ગદર્શક પુસ્તિકા આચાર્ય, વિદ્યાર્થી,, શિક્ષક અને કર્મચારીઓ વગેરેના માર્ગદર્શન અને ઉપયોગ માટે છે. શાળાના શિક્ષકો તમામ વિદ્યાર્થીઓને આપત્તિ વિશેની સમજ પુરી પાડે તે જોવાની જવાબદારી શાળાના આચાર્યની રહેશે. |

૫૨૨૧





Scanned by CamScanner